શુક્રવાર, તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪(પહેલી બેઠક)ના રોજ હાથ ધરાનાર **અનુદાન માટેની માંગણીઓ** પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) પરની ચર્ચામાં

---

**માન. સભ્યશ્રી પરસોત્તમભાઈ પરમાર (૬૦–દસાડા)**

માંગણી ક્રમાંક–૯૫
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

- **માનનીય અધ્યક્ષ શ્રી,**

  લોકશાહીના મંદિર એવા આ સન્માનનીય ગૃહમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની **માંગણી ક્રમાંક–95** અનુસૂચિત જાતિ પેટા યોજનાની માંગણી માનનીય મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયા લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજુ કરું છું.

- **માનનીય અધ્યક્ષ શ્રી,**

  અનુસૂચિત જાતિના ઉત્કર્ષની વાત હોય પ્રથમ ડૉ.બાબાસાહેબને યાદ કરી મારી વાત શરૂ કરું છું,

અગર ભીમ દલિતો મેં પેદા ના હોતા

તો દલિતો કા ગુજારા ના હોતા,

યુંહી ડૂબ જાતી દલિતો કી નૈયા

**અગર ભીમ સહારા ના હોતા.**

- **માનનીય અધ્યક્ષ શ્રી,**

હું દસાડા વિધાનસભા વિસ્તાર એટલે કે સુરેન્દ્રનગર જિલ્લામાંથી આવું છું. આ સુરેન્દ્રનગરના આંબેડકર ચોકમાં દેશના **યશસ્વી પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ** જ્યારે રાજ્યના **મુખ્યમંત્રી** હતા ત્યારે ડૉ. બાબાસાહેબ રચિત **બંધારણના ગ્રંથ**ને **હાથીની અંબાડી** પર મૂકી, આ ગ્રંથની પૂજા અર્ચના કરી બાબાસાહેબે ચીંધેલ રાહ પર **રાજસત્તા ચલાવવાના** સોગંધ લીધા હતા અને માનનીય પ્રધાનમંત્રી સુરેન્દ્રનગરની બજારમાં **ચાર કિમી પગપાળા** રેલીમાં ચાલ્યા હતા. તેમની સાથે બાબાસાહેબની વેશભૂષામાં હાથમાં બંધારણ ગ્રંથ લઈ અનેક લોકો જોડાયા હતા. બંધારણના ગ્રંથ અને બાબાસાહેબને **સર્વોચ્ચ સન્માન** આપવાનું જો કોઈએ કામ કર્યું હોય તો તે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હતું. અમારા સુરેન્દ્રનગર જિલ્લાની **નોંધ સમગ્ર દેશે** લીધી હતી. તેનું અમે **ગૌરવ** અનુભવીએ છીએ.

- **માનનીય અધ્યક્ષ શ્રી,**

**"વંચિતોના વિકાસ"** મહામંત્રને સાર્થક કરવા અનુસૂચિત જાતિની સામાજિક, આર્થિક, શૈક્ષણિક, આરોગ્ય લક્ષી સુવિધાઓ જરૂરિયાતમંદ લાભાર્થી સુધી પહોંચે. અન્ય વર્ગોની હરોળમાં વંચિત સમાજ પણ જન સુખાકારી પ્રાપ્ત કરે, ગુજરાતના વિકાસના સાચા ભાગીદાર તેવા અનુસૂચિત જાતિના લોકોનું જીવન ધોરણ ઊંચું લાવવા અને તેના ઉત્કર્ષ માટે વ્યાપક પગલાં ભરી અનુસૂચિત જાતિનો **નક્કર વિકાસ** કરવાના હેતુસર ગુજરાત સરકારના મૃદુ અને મક્કમ માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબના માર્ગદર્શનમાં આ વિભાગના ખૂબ જ લાગણીશીલ, સંવેદનશીલ અને માયાળુ મહિલા કેબિનેટ મંત્રી માનનીય શ્રીમતી ભાનુબેન બાબરીયા **"ચલો જલાયે દીપ વહાં, જહા અભી ભી અંધેરા હૈ"** એ પંક્તિને સાર્થક કરવા અનુસૂચિત જાતિ સમાજની ઉન્નતી માટે કામ કરી રહ્યા છે ત્યારે ભા.જ.પા. ની આ સરકારને અભિનંદન આપું છું.

- **માનનીય અધ્યક્ષ શ્રી,**

અમારા સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી મુકામે **૨૬મી જાન્યુઆરી ૨૦૨૪** જિલ્લા કક્ષાના **પ્રજાસત્તાક દિન**ની ઉજવણી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન

બાબરીયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી. આ કાર્યક્રમમાં સુરેન્દ્રનગર જિલ્લાના **ખમિસણા** ગામે **૭ કરોડ ૧૪ લાખ ૯૪ હજાર ૪૬૮.૨૬ રુપિયા** ના ખર્ચે થનાર **આદર્શ નિવાસી** શાળાનું **ઈ–ખાતમુહૂર્ત** કરવામાં આવેલ. નવ નિર્મિત થનાર બાંધકામ મંજુર કરવા બદલ માનનીય મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરુ છું.

- **માનનીય અધ્યક્ષ શ્રી**

  ડૉ. બાબા સાહેબ આંબેડકરે સમાજને "**શિક્ષિત બનો સંગઠિત બનો સંઘર્ષ કરો**" નો નારો આપ્યો. ભા.જ.પા. ની અમારી સરકારે અનુસૂચિત જાતિ સમાજના બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહન આપવા અનેક યોજનાઓ બનાવી છે.

  **ધોરણ 1 થી 5** ના કુમાર–કન્યાઓને **રૂપિયા 750** અને

  **ધોરણ 6 થી 10** ની કન્યાઓને **રૂપિયા 1,000** જ્યારે

  **ધોરણ 6 થી 8** ના કુમારને **રૂ.750** અને

  **ધોરણ 9 થી 10** ના કુમારને **રૂ.1000**ની **વાર્ષિક શિષ્યવૃત્તિ** પ્રોત્સાહન સ્વરૂપે આપવામાં આવે છે.

  ચાલુ વર્ષે બજેટમાં **રૂપિયા 17.61 કરોડ**ની જોગવાઈ થકી **1 લાખ 95 હજાર** વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવશે અને

  વર્ષ 2024–25 ના બજેટમાં પણ **રૂપિયા 17.61 કરોડ**ની જોગવાઈ કરવામાં આવી છે.

* **માનનીય અધ્યક્ષ શ્રી**
  ધોરણ **1 થી 8** ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને **ગણવેશ** ખરીદવા માટે **રૂપિયા 900**ની સહાય આપવામાં આવે છે.
  વર્ષ 2023–24માં **રૂપિયા ૩૩.૭૫ કરોડ**ની જોગવાઈ કરી **3 લાખ 75 હજાર** વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવામાં આવી છે.
  વર્ષ 2024–25 માટે **રૂપિયા 31.05 કરોડ**ની જોગવાઈ કરેલ છે.

* **માનનીય અધ્યક્ષ શ્રી**
  ગુજરાત માધ્યમિક બોર્ડમાં ધોરણ–10 માં **75% કે તેથી વધુ** ગુણ મેળવેલ ધોરણ–11 **સામાન્ય** પ્રવાહમાં દાખલ થનાર પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓને મેરીટ ના ધોરણે **શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય** માટે ધોરણ–11 માં **રૂ.8 હજાર** અને ધોરણ–12 માં **રૂ.4 હજાર.** જ્યારે ધોરણ–10 માં **70% કે તેથી વધુ** ગુણ મેળવેલ વિદ્યાર્થીને ધોરણ–11 **વિજ્ઞાન** પ્રવાહમાં **રૂ.15 હજાર** અને ધોરણ–12માં **રૂ.15 હજાર** સહાય આપવામાં આવે છે.

* **માનનીય અધ્યક્ષ શ્રી**
  એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમો માટે માન્ય શિક્ષણ ફી તથા માન્ય **નોન રિફન્ડેબલ ફી** તેમજ **વાર્ષિક રૂપિયા 2500 થી 13,500**

સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ભારત સરકારની આ યોજનાનો લાભ લઈ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ખાનગી કોલેજોમાં ઉચ્ચ શિક્ષણ ફીમાંથી મુક્તિ મેળવવા **'ફ્રી માફી કાર્ડ'**નો લાભ લઈ MBBS-એન્જિનિયરિંગ તેમજ ઉચ્ચ અભ્યાસો કરી શક્યા છે, જે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ છે.

- **માનનીય અધ્યક્ષ શ્રી**

  અનુસૂચિત જાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને **સ્નાતક પછીના** અભ્યાસક્રમ માટે **વિદેશ અભ્યાસ** કરી પોતાની ઉચ્ચ કારકિર્દી બનાવી શકે તે માટે **ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન** યોજના અંતર્ગત **રુપિયા 15 લાખ**ની લોન વાર્ષિક 4% ના દરે આપવામાં આવે છે.

- **માનનીય અધ્યક્ષ શ્રી**

  અનુસૂચિત જાતિના યુવાઓને પાયલોટ બની આકાશની ઉંચી ઉડાનના સપનાઓ પૂરા કરવા અમારી ભાજપાની સરકાર

  ધોરણ-10 અને 12 અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓને **કોમર્શીયલ પાયલોટ લાઇસન્સ**ની તાલીમ આપી અભ્યાસ માટે **રૂપિયા 25 લાખ 4%** ના વ્યાજના દરે લોન

આપવામાં આવે છે. અનુસૂચિત જાતિની દીકરીઓ પણ પાયલોટ બની આજે આકાશમાં ઉડાન ભરે છે.

- **માનનીય અધ્યક્ષ શ્રી**

જેમ **ભગવાન ભોળાનાથ**ના પરિવારના તમામ સદસ્યો પૂજાય છે તેમ અમારી સરકારે ડૉ.બાબાસાહેબ તથા તેમના પરિવારના નામ સાથે જોડી અનેક યોજના બનાવી છે. જેમાં,

ડૉ.બાબા સાહેબ આંબેડકર **સરકારી છાત્રાલયો**
ડૉ.આંબેડકર **આવાસ યોજના**
ડૉ.આંબેડકર **સફાઈ કામદાર આવાસ યોજના**
આબેડકર **ચેર યોજના**.
ડૉ.બાબા સાહેબ આંબેડકર **વિદેશ અભ્યાસ લોન યોજના**

**પિતાશ્રી** ના નામ સાથે જોડી **સુબેદાર રામજી ગ્રાન્ટેડ છાત્રાલય**
**માતા ભીમાભાઈ** ના નામ સાથે જોડી **બાલવાડી યોજના**
પ્રથમ પત્ની **માં રમાબાઈ**ના નામ સાથે જોડી **"સાત ફેરા સમૂહ લગ્ન યોજના"**
દ્વિતીય પત્ની માં ડૉ.સવિતા આંબેડકર ના નામ સાથે જોડી **"આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના"**
તેમના પુત્ર જે બીમારીમાં મૃત્યુ પામેલ તેમના નામ સાથે જોડી **કુમાર રાજરત્ન આંબેડકર તબીબી સહાય યોજના**

તેમને વિદેશ અભ્યાસ માટે લોન આપનાર **મહારાજા સયાજીરાવ ગાયકવાડ** ના નામ સાથે જોડી **એમ.ફીલ અને પીએચડી શિષ્યવૃતિ યોજના**

સામાજીક સમરસતાના પ્રહરી **છત્રપતિ શાહુજી મહારાજ** ના નામ સાથે જોડી **ઈનામી યોજના,**

**મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ**

**સાવિત્રીબાઈ ફૂલે મહિલા કલા–સાહિત્ય એવોર્ડ,**

દલિત સમાજના સંતોના નામ સાથે જોડી **પૂજ્ય તેજાનંદ સ્વામી કર્મકાંડ તાલીમ યોજના,**

**દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્ય કૃતિ એવોર્ડ..**

આમ, ભાજપાની સરકારમાં ડો.બાબાસાહેબને તેમ જ દલિત **સંતો–કવિઓ અને મહાપુરુષોના** નામ સાથે જોડી અનેકવિધ યોજના બનાવી તેમને **સાચી શ્રદ્ધાંજલિ** આપવાનું કામ કર્યું છે.

- **માનનીય અધ્યક્ષ શ્રી**

અનુસૂચિત જાતિના નાના ધંધા–રોજગાર ઈચ્છુક હોય તેવા લાભાર્થી માટે સ્વરોજગારીના ધંધા–રોજગાર અનુરૂપ 28 પ્રકારના વ્યવસાય માટે **રૂપિયા 8,000 થી 48,000** ની મર્યાદામાં **માનવ ગરિમા કીટ્સ** આપવામાં આવે છે.

છેલ્લા દસ વર્ષમાં **રૂપિયા 182.48 કરોડ**નો ખર્ચ કરી **3 લાખ 17 હજાર** લાભાર્થીઓને કિટ્સ આપવામાં આવેલ છે.
વર્ષ 2023-24 ના બજેટમાં **25 કરોડ** તેમજ વર્ષ 2024-25 માટે **રૂપિયા 25 કરોડ**ની જોગવાઈ કરવામાં આવેલ છે.

- **માનનીય અધ્યક્ષશ્રી**

  માનનીય મંત્રીશ્રી જે માંગણી લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને ગૃહના તમામ સદસ્યો સમર્થન આપે તેવી વિનંતી કરું છું.

...જય ભીમ...

...વંદે માતરમ્...

...ભારતમાતા કી જય...